


Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૮૯ | ૧ જાન્યુઆરી, ૨૦૧૫, ગુરૂવાર ; પોષ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મહાત્મા મંદિરમાં ગાંધીજીની ૧૧ પ્રતિમાઓ મુકાશે

## મહાત્મા મંદિર સાચા અર્થમાં પ્રેરણા કેન્દ્ર બને તે માટે ગાંધી ગાર્ડનમાં ૧૧ મહાવ્રતો અને બાપુની આયુને ધ્યાનમાં રાખી તેની ડિઝાઈન બનાવવામાં આવી છે

ગાંધીનગર, તા.૩૧

મહાત્મા મંદિર નજીક બનાવવામાં આવેલ ગાંધી ગાર્ડનમાં ૧૧ ગાંધીજીની પ્રતિમાઓ મુકવામાં આવશે.

મહાત્મા ગાંધીજીએ તેમના જીવનમાં ગુજરાતી સાહિત્યની પ્રસિધ્ધ રચના વૈષ્ણવજન તો તેને રે કહીએ માં નરસિંહે વ્યકત કરેલા ૧૧ મહાવ્રતોનું પાલન કર્યુ હતું અને ૭૯ વર્ષની તેમની આયુને ધ્યાનમાં રાખી આ ગાંધી ગાર્ડનની ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે.

હવે મહાત્મા મંદિરમાં સાતમી વાયબ્રન્ટ સમીટ વખતે અહીં સોલ્ટ માઉન્ટ અને સોલ્ટ માઉન્ટમાં મ્યુઝિયમ મહાત્મા પર તૈયાર કરવામાં આવી રહ્યું છે ત્યાં આ મહાત્મા મંદિરમાં ૧૧ ગાંધીજીની પ્રતિમાઓ મહાવ્રતોને ધ્યાનમાં રાખી તૈયાર કરી તેને મુકવાનું આયોજન છે. આ પ્રતિમાઓ ઈન્ડેકસ બી દ્વારા મુકવામાં આવનાર છે. અને આગામી સપ્તાહના પ્રારંભે તે બધી જ પ્રતિમાઓ મુકી દેવામાં આવશે. રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે મહાત્મા મંદિરમાં ચાલતી તૈયારીઓની સમીક્ષા કરી ત્યારે પણ આ બાબતની ચર્ચા કરી ઝડપથી કામગીરી થાય તે જોવા જણાવ્યું હતું.

મહાત્મા મંદિરનાં કાયમી મ્યુઝિયમમાં આઝાદીની લડતના દશ્ય શ્રાવ્ય કેન્દ્ર ગત સમીટ વખતે ખુલ્લુ મુકાયું હતું. આ વખતે મ્યુઝિયમ ખુલ્લુ મુકવામાં આવશે તેમજ કન્વેનશન સેન્ટરમાં ગાંધી ગાર્ડન પણ આગવું આકર્ષણ જમાવશે તેવો તંત્રના અધિકારીઓને વિશ્વાસ છે.

મળતી વિગતો પ્રમાણે મહાત્મા મંદિરને પ્રેરણા કેન્દ્ર તરીકે ઓળખાવતા તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યુંહતું કે મહાત્મા મંદિર પ્રેરણા કેન્દ્ર, સચિવાલય (સરદાર પટેલ ભવન) અમલીકરણ અને પંચશકિતનું પરિણામ એટલે પંચામૃત ભવન.

મહાત્મા મંદિરના નિર્માણનું કાર્ય હજુ સંપૂર્ણ રીતે પૂર્ણ થતાં એકાદ વર્ષ જેટલો સમય લાગશે. આ પછી આ બધાને જોડતી સેન્ટ્રલ વિસ્ટાના બે તબક્કા પૂર્ણ થયા છે હવે ત્રીજો તબક્કો આગામી નાણાંકીય વર્ષમાં હાથ ધરાશે. આ પછી ૨૦૧૬માં પંચામૃત ભવનની દિશામાં સરકાર આગળ વધશે.

મળતી વિગતો પ્રમાણે સેન્ટ્રલ વિષ્ટા ખાતે મહાત્મા મંદિરને જોડતું ગાંધી ગાર્ડન પણ અનોખુ બને તે માટે તેમાં બીજા આકર્ષણ ઉભા કરાશે તેમ મનાઈ રહ્યું છે.



મહાત્મા મંદિરની દાંડી કૂટિરમાં ઐતિહાસિક ભીંતચિત્ર

# આજે સુષ્મા સ્વરાજ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર અને અમદાવાદ ખાતે યોજાનારા પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કાર્યક્રમની સમીક્ષા કરવા માટે વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવશે.

પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી આ વર્ષે પહેલીવાર ગુજરાતના આંગણે કરવામાં આવનાર છે. આગામી સાતમીના રોજ પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના કાર્યક્રમનો પ્રારંભ થનારો છે. આ કાર્યક્રમ ત્રણ દિવસ ચાલનારો છે.



પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના કાર્યક્રમનું ઉદઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં વિદેશોમાં વસતા બિનનિવાસી ગુજરાતીઓ પણ મોટી સંખ્યામાં ભાગ લેવા આવનાર છે.

દેશના વિદેશમંત્રી શ્રીમતી સુષ્મા સ્વરાજ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવનાર છે. તેમના રોકાણ દરમિયાન તેઓ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ સાથે મહાત્મા મંદિરનું નિરીક્ષણ કરીને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કાર્યક્રમની રૂપરેખા મેળવીને વેપારીઓની સમીક્ષા કરીને જરુરી સૂચનો કરશે.

આ ઉપરાંત અમદાવાદ કાંકરીયા ખાતે કાંકરીયા કાર્નિલવની પણ મુલાકાત લેશે અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વિગતો મેળવીને સમીક્ષા કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આજે કેન્દ્રના રાજયમંત્રી વી.કે. સિંહે પણ ગુજરાતનો પ્રવાસ ખેડીને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણીના કાર્યક્રમની તૈયારી અંગે સમીક્ષા કરી હતી.


**વણકર સમાજના લગ્નોત્સુક યુવક - યુવતીઓ માટે જીવનસાથી પરિચય સંમેલન**

ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજએ સમાજના લગ્નોત્સુક દીકરા - દીકરીઓની માહિતી મેળવી જીવનસાથી પસંદગી દ્વારા આપના સુધી પહોંચાડવાનું કામ કરે છે. અગાઉ યોજાયેલ બે જીવનસાથી સંમેલનને ખુબ સારી સફળતા મળતા સંસ્થા દ્વારા તૃતીય પરિચય સંમેલન જાન્યુઆરી ૨૦૧૫ માં ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. ભાગ લેવા માટે ફોર્મ મેળવવા/પરત કરવા તથા અન્ય માહિતી માટે સંસ્થાના કાર્યાલય પ્લોટ નં.૨૨૮/૨, સેક્ટર-૫/એ, ગાંધીનગર અથવા સંસ્થાના નીચેના પ્રતિનિધિઓનો તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી છે.

**પ્રમુખ :- રમીલાબેન કાન્તીભાઈ પરમાર**

**ફોન :- ૦૭૯-૨૩૨૪૮૨૨૮, મો. ૯૪૨૭૬ ૦૧૫૧૫, ૯૯૨૫૭ ૧૫૦૧૧**

| | | | |
|---|---|---|---|
| બકુલાબેન પરમાર | - ૯૯૯૮૦૦૪૪૬૮ | અનિતાબેન ચૌહાણ | - ૦૭૯ ૨૩૨૨૬૦૬૬ |
| હર્ષાબેન સુતરીયા | - ૯૬૮૭૧૨૯૩૩૦ | દીનાબેન વણકર | - ૯૦૯૯૧૧૦૫૭૮ |
| કુમુદબેન એન્જીનીયર | - ૭૮૭૪૦૧૧૦૨૨ | લક્ષ્મીબેન ડોરીયા | - ૯૪૨૭૬૨૬૬૨૮ |
| દક્ષાબેન મકવાણા | - ૯૬૨૪૪૧૫૪૧૬ | વિમળાબેન પટેલ | - ૯૯૨૫૭૮૭૬૭૦ |
| વિમળાબેન ચૌહાણ | - ૯૯૨૪૮૮૩૨૨૦ | શારદાબેન મકવાણા | - ૯૪૨૮૪૨૨૧૬૩ |



**ડ્રાયવર જોઈએ છે**

Texi બેઝ ધરાવતા ડ્રાયવરો જોઈએ છે

પગાર ધોરણ ૧૦,૦૦૦થી ઉપર

મો. : ૯૯૭૮૯ ૩૦૩૩૦

મો. : ૯૦૯૯૯ ૯૭૩૫૬


# જાન્યુઆરી માસમાં બેંકો ૧૧ દિવસ રજા પાળશે!!

ગાંધીનગર, તા.૩૧

નવા વર્ષના પ્રારંભમાં જ ૧૧ દિવસ બેંકો બંધ રહેશે. જાન્યુઆરી માસમાં ઉત્તરાયણ અને પ્રજાસત્તાક દિન તેમજ ચાર રવિવારની રજાઓ બાદ કરતાં પાંચ દિવસ બેંકોના કર્મચારીઓ હડતાલ પર જવાના હોવાથી બેંકોના વ્યવહાર ખોરવાશે.

૪થી જાન્યુઆરી, ૧૧ જાન્યુ, ૧૮ જાન્યુઆરી અને ૨૫ જાન્યુઆરી રવિવારની રજાઓ છે તો ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણ છે. ૭મી જાન્યુઆરી એ એક દિવસની હડતાલ બાદ તેમના પ્રશ્નોનો ઉકેલ નહિ આવે તો ૨૧મી થી ૨૪ જાન્યુઆરી દરમિયાન તેઓ પુનઃ હડતાલ પર જશે.

આમ એક જ મહિનામાં ૧૧ દિવસ બેંકો બંધ રહેવાની હોવાથી આ માસના આયોજન અંગે લોકોએ અત્યારથી જ તૈયારીઓ આરંભી દીધી છે.

બીજા તબક્કાનું આંદોલન જે ૨૧મીથી શરુ થવાનું છે તે દેશના આર્થિક જગતને હચમચાવી દેશે કારણ કે ૨૧ થી ૨૪મીની હડતાલ ૨૫મીએ રવિવાર અને ૨૬મી જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિનની જાહેર રજા રહેશે.

બેંક કર્મચારી સંગઠ્ઠનો પણ હડતાલને સફળ બનાવવા માટેના આયોજનો કરી રહ્યા છે તો બીજી તરફ સરકાર પણ લોકોને વિશેષ તકલીફ ના પડે તેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં વ્યસ્ત છે.


**હેપ્પી બર્થડે**



શુભ જીતેન્દ્રકુમાર પટેલ

જન્મ તા.૧-૧-૨૦૦૯

જન્મદિનની શુભકામનાઓ...

લિ.

જીતેન્દ્રકુમાર એલ. પટેલ-પિતા

અનિતાબેન જે. પટેલ - માતા

ધનસુરા



**હાર્દિક અભિનંદન**



માન. શ્રીમતી આનંદીબેન પટેલ

મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



માન. શ્રી આર. સી. ફળદુ

માન. પ્રદેશ પ્રમુખશ્રી



શ્રી કુબેરભાઈ એમ. ડીંડોર

અધ્યક્ષ, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ

પંચમહાલ/મહિસાગર જિલ્લાના યુવાન અને ઉત્સાહી એવા સંતરામપૂર શક્તિપીઠના સદસ્ય અને તલોદમાં ઉચ્ચ શિક્ષણક્ષેત્રે ફરજ બજાવતા પ્રોફેસર ડો. કુબેરભાઈ એમ. ડીંડોરને માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમમાં અધ્યક્ષપદે વરણી કરતા સમગ્ર આદિવાસી સમાજ હર્ષ અને ગૌરવની લાગણી સાથે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. આપને સોંપવામાં આવેલી આ જવાબદારીમાં આપ સફળતા અને પ્રગતિના સોપાનો સર કરો તેવી શુભેચ્છા, આ નિમણુંક માટે આપની પસંદગી કરવા બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખશ્રી આર.સી. ફળદુ સાહેબનો અમો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

શુભેચ્છકો

પ્રમુખશ્રી, રામજીભાઈ ગરાસિયા

ગાયત્ર શક્તિપીઠ સંતરામપૂર

તથા સમસ્ત કમિટિ સભ્યશ્રીઓ

પ્રમુખ, શ્રીમતી કમળાબેન તાવિયાર

શ્રી રામ શર્મા આચાર્ય ટ્રસ્ટ ભંડારા



**પંદરમાં વર્ષમાં મંગલ પ્રવેશ**


સતત ૧૪ વર્ષથી ગ્રાહકોની અવરિત સેવા કરતી એકમાત્ર સંસ્થા એટલે ગ્રાહક સુરક્ષા કેન્દ્ર

- Regd No. F.1469/S.K
- Regd No. Guj. 1481/S.K.
- Regd Dt. 11-2-2000

Tel No. (O-R)

Mo. 94270 38236

ESTD : 2000



PRAVIN MAHETA

Regd Office :
Near Old Radhakrishna Mandir,
Near Sabarkantha Bank,
TALOD - 383215 Sarbkantha (Gujarat)

ગ્રાહક સુરક્ષા કેન્દ્ર-તલોદ

GRAHAK SURAXA KENDRA TALOD

Fild Work : All Gujarat State



**શ્રદ્ધાંજલિ**







**સ્વર્ગસ્થ : શાન્તિલાલ કોદરલાલ પટેલ (ઘડી)**

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, પ્રાંતિજના ખેડૂત વિભાગના ડીરેક્ટરશ્રી તથા ખેડૂતોના નિષ્ઠાવાન કાર્યકર અને જીલ્લા પંચાયત સોનાસણ સીટના ચાલુ સદસ્ય તથા ખેડૂતોના હામી પટેલ શાન્તિલાલ કોદરલાલના અવસાન પ્રસંગે સમિતિનું સંચાલક મંડળ તથા કર્મચારી પરિવાર ઉંડા શોકની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થના આત્માને પરમકૃપાળુ પરમાત્મા ચિર શાંતિ અર્પી તેમના સ્વજનો ઉપર આવેલ કારમો ઘા સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રભુને પ્રાર્થના.

| સભ્યશ્રીનું નામ | હોદ્દો | સભ્યશ્રીનું નામ | હોદ્દો |
|---|---|---|---|
| શ્રી દિનેશભાઈ વરવાભાઈ પટેલ | ચેરમેનશ્રી | શ્રી જીતેન્દ્રકુમાર ચીમનલાલ પટેલ | સભ્યશ્રી |
| શ્રી મિશ્રીલાલ શંકરલાલ શાહ | વા.ચેરમેનશ્રી | શ્રી મહેશકુમાર વિષ્ણુપ્રસાદ નરસિંઘાણી | સભ્યશ્રી |
| શ્રી મણીભાઈ ઈશ્વરભાઈ પટેલ | સભ્યશ્રી | શ્રી કાળુસિંહ ગમાનસિંહ રાઠોડ | સભ્યશ્રી |
| શ્રી બિપીનકુમાર કાન્તિલાલ પટેલ | સભ્યશ્રી | શ્રી પંકજકુમાર સોમાલાલ મોદી | સભ્યશ્રી |
| શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા | સભ્યશ્રી | શ્રી ભોગીલાલ રમણભાઈ પટેલ | સભ્યશ્રી |
| શ્રી કાળુસિંહ રામસિંહ ચૌહાણ | સભ્યશ્રી | શ્રી દલપતસિંહ ગુલાબસિંહ ઝાલા | સભ્યશ્રી |
| શ્રી ગોવિંદભાઈ પ્રભુદાસ પટેલ | સભ્યશ્રી | પટેલ ચંદુભાઈ ગીરધરભાઈ | સેક્રેટરીશ્રી |
| શ્રી લાલજીભાઈ જયંતિભાઈ પટેલ | સભ્યશ્રી | તથા કર્મચારી ગણ | |